સંદેશ
સુપ્રભાત ગુજરાત

Date: 21 December, 2017 City_Life_Page # 1

**My Campus**

એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીનાં પ્રોફેસર તેમજ સ્ટુડન્ટ્સ માટે ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

# અત્યારના સમયે યંગસ્ટર્સે જોબ સીકર્સ કરતાં જોબ ક્રિએટર્સ બનવું જોઇએ





ટેક્નોલોજીમાં દિવસે દિવસે નવા બદલાવ જોવા મળતા હોય છે, જેથી દર મિનિટે અપડેટ રહેવું પડે છે. આજનો યુવા વર્ગ પણ ટેક્નોલોજીમાં આવતાં બદલાવમાં અપડેટ રહેવા માંગે છે. આ વાતને ધ્યાનમાં રાખીને એસ.જી. હાઈવે ખાતે આવેલી સિલ્વર ઓક ગ્રૂપ ઓફ ઈન્સ્ટિટ્યૂટ ખાતે સંવાદ ૨૦૧૭ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૨૨ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

આ વર્ષે સંવાદ ૨૦૧૭નો કાર્યક્રમ સ્ટેટલેવલ સ્તરનો આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદની સાથે રાજ્યની જાણીતી ટેકનોલોજી કોલેજનાં એક્સ્પર્ટ, ફેકલ્ટીઝ તેમજ ડિરેક્ટર્સે તેમનાં એક્સપિયન્સ શેર કર્યા હતાં. આ ત્રણ દિવસ કાર્યક્રમમાં આઈ.આઈ.ટી. ગાંધીનગર, અમદાવાદ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, પી.ડી.પી.યુ, IITRAM , એલ. ડી એન્જિનિયરિંગ જેવી નામી ટેક્નોલોજી યુનિવર્સિટીનાં એક્સ્પર્ટ્સ દ્વારા પોતાનાં ફિલ્ડ અને તેમાં રહેલી ચેલેન્જિસ વિશેની વાતો શેર કરી હતી. આ સેમિનારમાં ૨૮૦ થી વધુ એન્જિનિયરિંગ કોલેજમાંથી ૫૦૦થી પણ વધુ ફેકલટી અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સંવાદ વિશે વાત કરતાં એન્ટરપ્રિન્યોર અને ટેક્નોલોજિસ્ટ રુચિત સુરાતિનાં જણાવ્યાં મુજબ, હવે યંગસ્ટર્સએ જોબ સીકર્સ કરતાં જોબ ક્રિએટર્સ બનવું જોઈએ. હવે યંગ જનરેશન નવા સ્ટાર્ટ-અપ સાથે આવતાં હોય છે. જેમાં સૌથી વધુ રિસ્ક ફેકટર પણ હોય છે. તેઓએ ડર્યા વિના આ રિસ્ક ફેકટરમાંથી નીકળવા માટે કોઈ સિનિયર તેમજ કોઈ મેન્ટરની એડ્વાઈઝ લેવી જોઈએ. જેથી નવા સ્ટાર્ટ-અપ માટે હેલ્પફુલ અને યૂઝફુલ છે.

જનરલ મેનેજર ઓફ પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ સાબરમતી રિવરફ્રન્ટના ડૉ વત્સલ પટેલે તેમનાં વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, હવે યુવાનો સિવિલ એન્જિનયરિંગ કર્યા બાદ અર્બન પ્લાનિંગ સબજેક્ટ પર વધુ અભ્યાસ કરી શકે છે. હવે અર્બન પ્લાનરની ડિમાન્ડમાં વધારો જોવા મળી રહ્યો છે. સ્ટુડ્ન્ટસ સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા બાદ ગવર્નમેન્ટ સેક્ટરમાં ક્યાં તો બિલ્ડર સાથે જોડાઈ જતાં હોય છે, પણ જો તેઓ અર્બન પ્લાનરમાં માસ્ટર કરે તો તેમણે ટાઉન પ્લાનિંગમાં સારી ઓપર્ચ્યુનિટી મળી શકે છે. ગુજરાત મોડલનાં આધારે હવે બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટાઉન પ્લાનિંગમાં યુવાનો આગળ વધી શકે છે. ગુજરાતની જેમ અન્ય રાજ્યોમાં પણ બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપ કરવાની ડિમાન્ડ વધી છે.